જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૨૪/૯/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>        <u>સમાચાર યાદી નં.૧૯૨૧ /૧૫</u>

**<u>અમદાવાદ શહેરમાંથી ડુપ્લીકેટ ચુંટણી કાર્ડ તથા રીવરફ્રન્ટ સ્કીમ માં મકાન ફાળવણી ની ડુપ્લીકેટ નોટીસો તૈયાર કરી તેના નાણાં મેળવી  છેતરપિંડી કરનાર ઠગ ટોળકીને પકડી પાડતી અમદાવાદ ક્રાઇમ બ્રાંન્ચ  .</u>**

નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાયબર સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ .જે.એમ.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે મોલ્કત સંબધી ગુન્હાઓ શોધવા માટે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ ૧)- નાસીરખાન સઇદખાન પઠાણ ઉ.વ-૪૫ રહે-૬ અલહિલાલ સોસાયટી, સારણી સોસા. રોડ, ન્યુ આશિયાના સોસા. સામે, વેજલપુર અમદાવાદ શહેર તથા ૨)- શરીફભાઇ @ ટીકુ હબીબભાઇ શેખ ઉ.વ-૪૪ રહે-૨૭૮૨ જુલાઇવાડા, શાહપુર બાય સેન્ટર, અમદાવાદ શહેર નાઓને વેજલપુર એ.પી.એમ.સી. ચાર રસ્તા પાસે શંકાસ્પદ હાલતમાં જણાઇ આવતા તેઓની અંગજડતી કરતા તેઓ પાસેથી કુલ-૪૮ જુદાજુદા નામના ચુંટણીકાર્ડ તથા ૨૦ જેટલા રીવરફ્રન્ટ વિસ્થાપિતોને આપવામાં આવતી આવાસ ફાળવણીની નોટીસો મળી આવેલ હોય જે સંબધે તેઓ કોઇ સંતોષકારક જવાબ ન આપી શકતા તેઓની સી.આર.પી.સી-૪૧(૧)(ડી) મુજબ અટક કરી પુછપરછ કરતા આ ચુટણીકાર્ડ તેઓએ રખિયાલ ખાતે અજીતમીલ ચાલી ના રહીશો ને મકાન અપાવવાની લાલચ આપી તેઓના ફોટા તથા રૂ-૧,૦૦,૦૦૦/-મેળવી તેઓ સાથે છેતરપિંડી કરવા સારૂ તેમને વિશ્વાસ અપાવવા આ દસ્તાવેજો બનાવેલ હોવાનુ જણાવતા ભોગબનનાર રહિશો પૈકી અબ્દુલસલીમ અબ્દુલગફાર શેખ રહે-મ.નં-સી/૯૫ અજીત રેસીડેન્સી, રખિયાલ અમદાવાદ નાઓએ તેઓ વિરૂદ્ધ વિશ્વાસઘાતની ફરીયાદ આપતા તપાસ પો.સ.ઇ. શ્રી જે.એમ.જાડેજા. નાઓ કરી રહેલ છે.

સદર દસ્તાવેજો પકડાયેલ આરોપીઓ આસીફ હમીદભાઇ છીપા પાસે બનાવતા હોવાનુ ખુલવા પામેલ છે. એ આસીફ છીપા અગાઉ રખિયાલ પો.સ્ટેશન ખાતે આજ પ્રકારના એક ચીટીંગના ગુન્હામાં પકડાયેલ છે. તેમજ તે એલીસબ્રીજમાં વાહનચોરીના ગુન્હામાં તેમજ ગા.હવેલી પો.સ્ટે. મારામારીના ગુન્હામાં પકડાયેલ છે. અને ચીટીંગના ગુન્હામાં હાલ તે પેરોલ ઉપર છુટેલ છે. આ ઉપરાંત કામમાં સચીન પટેલ તથા અમીત ક્રિશ્ચયન નામના ઇસમોની સંડોવણી પણ ખુલવા પામેલ છે. જેઓને પકડવા અંગેની તપાસ તજવીજ ચાલુ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ફોર વ્હીલર વાહનચોરને ચોરીની સ્વીફ્ટ VDI ગાડી સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,**

નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાયબર સેલ નાઓની સુચનાથી પો.ઇન્સ.શ્રી કિરણ મોદીની ટીમના પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરાની ટીમના સ્ક્વૉડના માણસો અમદાવાદ શહેરમાં બનતાં મિકલત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નિકળેલા દરમ્યાન સ્ટાફના હે.કોન્સ.રાકેશકુમાર રમાશંકર તથા પો.કોન્સ બાબુભાઇ વિરસંગભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે  આરોપી હાલુભા પવનસંગ વાઘેલા ઉવ.૪૭ ધંધો ખેતીકામ રહેવાસી ૨૫, આશા સોસાયટી, સાણંદ પોલીસ સ્ટેશનની બાજુમાં, સાણંદ, જીલ્લો અમદાવાદને એક મારુતી સ્વીફ્ટ ગાડી નંબર GJ01HS6704 કિં.રૂ.૩,૦૦,૦૦૦/- સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં સદરી ઇસમે આ સ્વીફ્ટ ગાડી સને-૨૦૦૯ની સાલમાં ચોરેલ હોવાની અને તેને ઘરે મુકી રાખેલ હતી અને તે ગાડીનો નંબર કાઢી નાંખી તેને કબાડીમાં વેચવા જતાં પોલીસના હાથે પકડાઇ ચુકેલ છે.

આ આરોપીએ આ સિવાય બીજા કોઇ ગુન્હાઓ આચરેલ છે કે કેમ તેમજ આ ગુન્હાઓ કરવામાં અન્ય કોઇ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ તે બાબતે ઝીણવટપૂર્વક તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)